દોઢ સદી પાર, નવી સદીઓ માટે તૈયાર

ગુજરાતમિત્ર ૧૬૨ વર્ષ

બુધવાર ૧૪ મે, ૨૦૨૫

# અમેરિકા-ચીનના ટેરિફ વૉરમાં વિરામથી વિશ્વભરને રાહત

છેલ્લા કેટલાક સમયથી આખા વિશ્વને ચિંતા કરાવતા અમેરિકા અને ચીન વચ્ચેના ટેરિફ યુદ્ધમાં કંઇક રાહતના સમાચાર આવ્યા છે. બંને દેશો એકબીજા પર તેમણે લાદેલા આકરા ટેરિફને ત્રણ મહિના સુધી મોકૂફ રાખવા સહમત થયા છે. અમેરિકી અને ચીની અધિકારીઓએ સોમવારે જણાવ્યું હતું કે તેઓ તેમના તાજેતરના મોટાભાગના ટેરિફ પાછા ખેંચવા અને તેમના વેપાર વિવાદોના ઉકેલ માટે વધુ વાટાઘાટો માટે તેમના વેપાર યુદ્ધમાં 90 દિવસનો વિરામ મૂકવા માટે એક કરાર પર પહોંચ્યા છે. યુએસ ટ્રેડ રિપ્રેઝન્ટેટિવ જેમીસન ગ્રીરે જણાવ્યું હતું કે અમેરિકા ચીની માલ પરના 145 ટકાના ટેરિફ દરને 115 ટકા પોઇન્ટ ઘટાડીને 30 ટકા કરવા સંમત થયું છે, જ્યારે ચીન અમેરિકી માલ પરના તેના દરને એટલો જ ઘટાડીને 10 ટકા કરવા સંમત થયું છે. ગ્રીર અને ટ્રેઝરી સેક્રેટરી સ્કોટ બેસેંટે જીનીવામાં એક ન્યૂઝ કોન્ફરન્સમાં ટેરિફ ઘટાડાની જાહેરાત કરી હતી. બંને અધિકારીઓએ સકારાત્મક સ્વર વ્યક્ત કર્યો જ્યારે તેઓએ કહ્યું હતું કે બંને પક્ષોએ તેમના વેપાર મુદ્દાઓ પર ચર્ચા ચાલુ રાખવા માટે મંત્રણાઓ યોજી હતી. વિશ્વની આ બંને ટોચની આર્થિક સત્તાઓ વચ્ચે સામસામા આકરા ટેરિફ ઝિંકાવાના શરૂ થતા અને તેને પગલે વેપાર યુદ્ધની સ્થિતિ નિર્માણ થતા વિશ્વભરમાં તેની અસરો થવા માંડી હતી. જો આ ટેરિફ યુદ્ધ મોટા વેપાર યુદ્ધમાં પરિણમ્યું હોત તો વિશ્વભરમાં તેના વધુ મોટા આંચકાઓ લાગ્યા હોત, પણ હાલ તો સદભાગ્યે હંગામી રીતે પણ આ યુદ્ધ અટકી ગયું છે.

અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે રેસિપ્રોકલ ટેરિફના નામે ચીન પર આકરા ટેરિફ નાખ્યા અને પછી એકબીજાની નિકાસો પર જે આકરા આયાત વેરાઓ લાદવાનું શરૂ થયું તે એક તબક્કે તો હાસ્યાસ્પદ સ્તરે ગયું. આટલા ઉંચા ટેરિફ પછી બંને દેશોને એકબીજાના દેશમાં વેપાર કરવાનું પોસાય તેમ ન હતું. છેવટે આ સ્થિતિ નિવારવા બંને દેશો વચ્ચે ત્રાહિત સ્થળે વાટાઘાટો થઇ. અમેરિકાના તિજોરી સચિવ બેસેંટે બે દિવસની વાટાઘાટો પછી ન્યૂઝ બ્રીફિંગમાં જણાવ્યું હતું કે ઊંચા ટેરિફ સ્તર બંને પક્ષના માલના સંપૂર્ણ અવરોધ સમાન હોત, જે પરિણામ બંને પક્ષ ઇચ્છતા નથી. બંને દેશોએ દેખીતી રીતે પોત પોતાના હિતોનો વિચાર કરીને જ આ હંગામી કરાર કર્યો હોવાનું સ્પષ્ટ જણાઇ આવે છે. ચીનના વાણિજ્ય મંત્રાલયે આ કરારને બંને દેશોના મતભેદોના ઉકેલ માટે એક મહત્વપૂર્ણ પગલું ગણાવ્યું. આ પહેલ બંને દેશોના ઉત્પાદકો અને ગ્રાહકોની અપેક્ષાઓ સાથે સુસંગત છે અને બંને રાષ્ટ્રોના હિત તેમજ વિશ્વના સામાન્ય હિતોને પૂર્ણ કરે છે એમ મંત્રાલયના એક નિવેદનમાં જણાવાયું છે. તેમાં ઉમેર્યું હતું કે ચીનને આશા છે કે યુએસ એકપક્ષીય ટેરિફ વધારાની ભૂલભરેલી પ્રથા બંધ કરશે અને તેમના આર્થિક અને વેપાર સંબંધોના વિકાસને સુરક્ષિત રાખવા માટે ચીન સાથે કામ કરશે, જેનાથી વૈશ્વિક અર્થતંત્રમાં વધુ નિશ્ચિતતા અને સ્થિરતા આવશે. જો કે વોશિંગ્ટન અને બેઇજિંગ દ્વારા લાગુ કરાયેલા જટિલ ટેરિફ અને અન્ય વેપાર દંડ પર આની કુલ અસર અસ્પષ્ટ રહે છે. અને 90-દિવસના સસ્પેન્શન દરમિયાન તેઓ લાંબા સમયથી ચાલતા મતભેદોને દૂર કરવાના રસ્તાઓ શોધશે કે નહીં તેના પર ઘણું નિર્ભર છે. વિશ્વની બે મુખ્ય આર્થિક શક્તિઓએ વૈશ્વિક અર્થતંત્રને અસ્થિર બનાવનારા સંઘર્ષમાંથી એક પગલું પાછળ હટતાં શેરબજારમાં તીવ્ર ઉછાળો આવ્યો હતો. બંને દેશોના ટેરિફ અંગેના આ નિર્ણયથી રોકાણકારો ખુશ થઇ ગયા હતા અને શેરબજારો ઉછળ્યા હતા. અમેરિકા ઉપરાંત વિશ્વમાં અન્યત્ર પણ શેરબજારો ઉછળ્યા હતા. ભારતના શેરબજારમાં પણ સેન્સેક્સમાં ૨૯૦૦ પોઇન્ટ જેટલો જંગી ઉછાળો આવ્યો. તેલના ભાવ પ્રતિ બેરલ USD 1.60 થી વધુ વધ્યા અને યુરો અને જાપાનીઝ યેન સામે અમેરિકી ડોલર વધ્યો હતો. વિશ્વના નાણાબજારો પર આ કરારની અસર સૂચવે છે કે બંને દેશો વચ્ચેના વેપાર તનાવની અસરો કેટલી વ્યાપક હશે?

ટ્રમ્પના આકરા કથિત રેસિપ્રોકલ ટેરિફ પછી ચીન સાથે જે ટેરિફ યુદ્ધ શરૂ થયું અને એકબીજા પર ઝનૂને ભરાઇને જે આકરા ટેરિફો લાદવામાં આવ્યા તેના પછી બંને દેશોમાં એક બીજાની વસ્તુઓ એટલી મોંઘી થઇ જાય તેમ હતુ તે વેચાવાનું સંપૂર્ણ અશક્ય નહીં તો યે ખૂબ મુશ્કેલ બની ગયું હોત. આપણે અગાઉ જ જોઇ ગયા તેમ બંને દેશોને આ પોસાય તેમ ન હતું. છેવટે બંનેએ મંત્રણાના મેજ પર ભેગા થઇને કંઇક ઉપાય શોધવાનું નક્કી કર્યુ. હાલ તો હંગામી રીતે બંનેના ટેરિફ ખૂબ ઘટી ગયા છે અને લાગે છે કે તેઓ કાયમી ધોરણે હવે ટેરિફ ઘટાડશે.

# ટ્રમ્પે ખરેખર પરમાણુ શસ્ત્રોના ઉપયોગ અંગે આશંકા વ્યક્ત કરી હતી

**ટ્રમ્પે કહ્યું હતું કે, ''તે વર્તમાન આક્રમણને રોકવાનો સમય હતો, જેના કારણે ઘણાબધા લોકોનાં મોત થયાં હોત અને વિનાશ થઈ શક્યો હોત, લાખો સારા અને નિર્દોષ લોકો મૃત્યુ પામ્યા હોત!''**

## ફિંગર પ્રિન્ટ

શેખર ઐયર

**ઓપરેશન સિંદૂર અને ત્યાર બાદની ઘટનાઓમાંથી શીખવા જેવો મુખ્ય પાઠ એ છે કે, પાકિસ્તાની આતંકવાદ ખતમ થશે નહીં**

હવે દરેકના મનમાં પ્રશ્ન એ છે કેઃ ભારતના જવાબી હુમલા કેમ રોકવામાં આવ્યા? પાકિસ્તાની લક્ષ્યો પર હવે હુમલાઓ કેમ કરવામાં આવી રહ્યા નથી? ભારત પાકિસ્તાન સાથે લશ્કરી કાર્યવાહી બંધ કરવા માટે સહમત કેમ થયું?

9 મેના રોજ જ્યારે ટીટ-ફોર-ટેટ હુમલાઓ ચાલી રહ્યા હતા ત્યારે યુએસ વાઈસ પ્રેસિડેન્ટ જેડી વાન્સે વડા પ્રધાન મોદીને ફોન કર્યો, જેમણે અમેરિકન નેતાને કહ્યું કે ભારત ગોળીઓનો જવાબ શેલથી આપશે (ગોલી કા જવાબ ગોલે સે દિયા જાયેગા).

તે જ રાત્રે પાકિસ્તાને ડ્રોન અને મિસાઈલો મોકલીને ભારતની અંદર 26 સ્થળોએ હુમલા કર્યા હતા. ભારતે જવાબી કાર્યવાહી કરતાં તમામ મુખ્ય પાકિસ્તાની હવાઈ મથકો પર હુમલા કર્યા, જેનાથી નોંધપાત્ર નુકસાન થયું.

પાકિસ્તાનની હવાઈ સંરક્ષણ પ્રણાલીઓ તોડી પાડવામાં આવી અને ભારતીય મિસાઈલો રાવલપિંડી નજીક ચકલાલા હવાઈ મથક પર પહોંચી ગઈ, જ્યાં પાકિસ્તાનનું પરમાણુ શક્તિ કમાન્ડ સેન્ટર સ્થિત છે. ભારતીય સશસ્ત્ર દળોને પાકિસ્તાનને જડબાતોડ જવાબ આપવા માટે આદેશ આપવામાં આવ્યો.

યુએસ ગુપ્તચર એજન્સીઓએ તેના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પને જણાવ્યું હતું કે, એવા ભયાનક સંકેતો મળી રહ્યા છે કે ભારતીય મિસાઈલો હવે પાકિસ્તાનના પરમાણુ સ્થાપનોને નિશાન બનાવી રહી છે. ભારત પાકિસ્તાન પર મોટા પાયે હુમલા કરવાની યોજના ધરાવે છે.ડોનાલ્ડ ટ્રમ્પને કહેવામાં આવ્યું હતું કે, પાકિસ્તાની સેના પ્રમુખે ન્યુક્લિયર કમાન્ડ ઓથોરિટીની બેઠક બોલાવી છે અને ભારત અને પાકિસ્તાન બંને સપ્તાહના અંતે સામસામે ક્રૂર હુમલાઓ કરવા જઈ રહ્યા છે. ટ્રમ્પ સક્રિય થયા અને ઉપરાષ્ટ્રપતિ જે.ડી. વાન્સને બંને દેશો સાથે વાત કરવા કહ્યું જેથી તણાવ ઓછો થાય. ટ્રમ્પે ખરેખર પરમાણુ શસ્ત્રોના ઉપયોગ અંગે આશંકા વ્યક્ત કરી હતી. કારણ કે, તેમણે પાછળથી કહ્યું હતું કે, ''તે વર્તમાન આક્રમણને રોકવાનો સમય હતો, જેના કારણે ઘણાબધા લોકોનાં મોત થયાં હોત અને વિનાશ થઈ શક્યો હોત. લાખો સારા અને નિર્દોષ લોકો મૃત્યુ પામ્યા હોત!''

પાકિસ્તાનને રોકવા માટે વાન્સે પાકિસ્તાનના વડા પ્રધાન શેહબાઝ શરીફ અને આર્મી ચીફ જનરલ અસીમ મુનીર સાથે વાત કરી. ત્યાર બાદ તેમણે આપણા એનએસએ અજિત ડોભાલ સાથે વાત કરી. યુએસ સેક્રેટરી ઓફ સ્ટેટ માર્કો રુબિયોએ હસ્તક્ષેપ કર્યો. રુબિયોએ ભારતના વિદેશ પ્રધાન એસ. જયશંકરને કહ્યું કે, પાકિસ્તાન લશ્કરી કાર્યવાહી બંધ કરવા તૈયાર છે અને શું ભારત તૈયાર છે.

જયશંકરે રુબિયોને કહ્યું કે, સરહદ પર ગોળીબાર બંધ કરવાનો એકમાત્ર રસ્તો એ છે કે બંને દેશોના ડીજીએમઓ હોટલાઈન પર વાત કરે. પાકિસ્તાનના ડીજીએમઓની પહેલી વિનંતી બપોરે 1 વાગ્યે આવી હતી અને અમારા ડીજીએમઓએ કોઈ જવાબ આપ્યો ન હતો. બપોરે 3.35 વાગ્યે પાકિસ્તાનના ડીજીએમઓએ ફરીથી ફોન કર્યો અને અમારા ડીજીએમઓ લેફ્ટનન્ટ જનરલ રાજીવ ઘાઈ સાથે વાત કરી. ગોળીબાર અને લશ્કરી કાર્યવાહી બંધ કરવા માટે સમજૂતી થઈ ગઈ છે તે અંગે સંમતિ સધાઈ ગઈ છે.

જ્યારે આ વાત યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પને જણાવવામાં આવી ત્યારે તેમણે તરત જ સોશિયલ મીડિયા એક્સ પર તેની જાહેરાત કરી. ટ્રમ્પે એવી છાપ પાડી કે યુદ્ધવિરામ અમલમાં આવી ગયો છે, અને અમે તેમાં મધ્યસ્થી કરી છે. જોકે, ભારતે તેને ફક્ત 'ડીજીએમઓ સ્તરે સમજૂતી' તરીકે ઓળખવાનું પસંદ કર્યું.

દરમિયાન, પાકિસ્તાને અમેરિકાને કહ્યું કે તે કાશ્મીર મુદ્દાને ઉકેલવા માટે ભારત સાથે વાતચીત શરૂ કરવા માંગે છે. જ્યારે આ વાત ભારતને જણાવવામાં આવી ત્યારે અમારા તરફથી સ્પષ્ટપણે જણાવવામાં આવ્યું કે પાકિસ્તાન સાથે વાત કરવા માટે કંઈ બચ્યું નથી અને જો પાકિસ્તાન પાકિસ્તાન કબજા હેઠળનું કાશ્મીર (પીઓકે) પાછું આપવા માંગે છે તો ભારત વાત કરવા તૈયાર છે. ભારતે એ પણ જણાવ્યું કે જો પાકિસ્તાન બધા વોન્ટેડ આતંકવાદીઓને ભારતને સોંપવા માટે તૈયાર હોય તો ભારત વાત કરવા તૈયાર રહેશે. ચર્ચા કરવા માટે બીજો કોઈ મુદ્દો બાકી નથી.

પરંતુ ઓપરેશન સિંદૂર અને ત્યાર બાદની ઘટનાઓમાંથી શીખવા જેવો મુખ્ય પાઠ એ છે કે પાકિસ્તાની આતંકવાદ ખતમ થશે નહીં. પાકિસ્તાન અને તેના પ્રાયોજક ચીને આ વખતે ભારતના પ્રતિક્રિયાને ખોટી રીતે સમજી હશે; આગલી વખતે તેઓ એટલા નસીબદાર નહીં હોય. ચીન ચોક્કસપણે પાકિસ્તાનને વધુ ઘાતક મિસાઈલો અને સારી હવાઈ સંરક્ષણ પ્રણાલીઓથી સજ્જ કરશે. આ વખતે પાકિસ્તાનને કદાચ બીજા બાલાકોટની અપેક્ષા હતી અને સરહદ પાર કરીને પેલોડ પહોંચાડનારા એક કે બે વિમાનોને તોડી પાડવાની આશા હતી. તેને ભારત દ્વારા સરહદ પાર કર્યા વિના છોડવામાં આવેલી અનેક મિસાઈલો અથવા તેના લશ્કરી હવાઈ ક્ષેત્રોને અપંગ બનાવવા માટે મિસાઈલ હુમલાની અપેક્ષા ન હતી. આગલી વખતે તે આવી ભૂલ કરશે નહીં.

આ શાંતિ - અને ખાતરી કરો કે, તે ફક્ત પાકિસ્તાની બાજુથી મળેલી શાંતિ છે - ભારતે તે આતંકવાદી પ્રાયોજક સાથેના મર્યાદિત સંબંધોમાંથી પાઠ શીખ્યા પછી આક્રમક રીતે શસ્ત્રસજ્જ થવા માટે તેનો ઉપયોગ કરવો જોઈએ.

ભારતે હવે તેના વિકલ્પોનું પુનર્મૂલ્યાંકન કરવું જોઈએ. કારણ કે બે બાબતો સ્પષ્ટ છેઃ વર્તમાન યુગના યુદ્ધમાં ડ્રોન અને મિસાઈલો વધુ કારગત સાબિત થશે અને બહુમુખી રાફેલ સહિત આધુનિક વિમાનો પણ, ગુપ્ત ક્ષમતાઓ વિના સંપૂર્ણપણે સલામત ગણી શકાય નહીં. આપણને શક્ય તેટલી વહેલી તકે વધુ સારા મિસાઈલ કવચ અને સ્ટીલ્થ એરક્રાફ્ટની જરૂર છે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

## ખુદાનો આભાર

ધોમધખતા તાપમાં મસ્જિદની સામે એક ફકીર બાબા એક ફાટેલો લાંબો ઝભ્ભો પહેરી મગન બની ખુદાની બંદગી કરી રહ્યા હતા.ફકીર ત્યાં જ રહેતા.સવાર-બપોર-સાંજ મસ્જિદની સામે ઝાડ નીચે બેસતા. ત્યાં જ નમાઝ પઢતા. ફકીર બાબા પોતાની મસ્તીમાં રહેતા. જે મળે તે ખાઈ લે. ના મળે તો વાંધો નહિ અને કોઈ દુઃખ પણ નહિ. સમય થાય એટલે ખુદાની બંદગીમાં લાગી જાય. નમાઝ



પઢે. ક્યારેક એકદમ મસ્તીમાં આવી જાય તો અલ્લાને પોકારવામાં મોટેથી પોકાર લગાવી નાચવા લાગતો. કોઈ તેમની બંદગી સાંભળી રાજી થાય. કોઈ પાગલ ગણી હસીને આગળ વધી જાય.

ફકીર બાબાને મસ્જીદમાં આવતાં જતાં બધાં જોતાં. સામે જ મસ્જીદ હતી,છતાં ફકીર બાબા ઝાડ નીચે તડકામાં નમાઝ પઢતા. એકવાર એક ભાઈએ કહ્યું, “ફકીર બાબા, અહીં બેઠાં બેઠાં ખુદાને પોકારો છો તેના કરતાં મસ્જીદમાં અંદર આવતાં હો તો નમાઝ પઢવા.” ફકીર બાબા હસતાં હસતાં બોલ્યા, “મારો અલ્લા તો અહીં જ છે અને અહીંથી જ મને સાંભળે છે.”ફકીરનો જવાબ સાંભળી આવતાં જતાં મોટા ભાગનાં હસીને નીકળી ગયાં પણ એક સાચા ખુદાના બંદાને લાગ્યું ફકીર બાબાની વાત ગહન છે.

**ચાર્જિંગ પોઈન્ટ**

હેતા ભૂષણ

તે ફકીર બાબા પાસે ગયો અને બોલ્યો, “બાબા ,આપની વાતમાં ગહન જ્ઞાન છે. આપ પાસેથી ઘણું શીખવા મળી શકે તેવું મને લાગે છે,શું આપ મને થોડો ઉપદેશ આપશો? ક્યાં રહો છો? હું આપના ઘરે આવી આપની સેવા કરીશ. આપનું કામ કરીશ.તમે જે કહેશો તે કરીશ. ”ફકીર બાબા હાસ્યા, બોલ્યા, “ભાઈ, તું તારું કામ કર. મારું કામ હું જાતે કરીશ,હું અલ્લાની દુનિયામાં રહું છું. આ આખી દુનિયા મારું ઘર છે. આસમાન છાપરું છે અને જમીન પાથરણું છે.”ફકીર બાબાએ ફરી ગહન વાત કરી.

પેલા ખુદાના બંદાએ ફકીર બાબાને પૂછ્યું, “બાબા ,તમારી પાસે ઘર નથી.ખાવા જે મળે તે ખાઈ લો છો.ક્યારેક ભૂખ્યા પણ રહો છો. ઠંડી, તાપ બધું સહન કરો છો છતાં આટલા ખુશ રહો છો. રોજ ખુદાની બંદગી કરો છો, તેનું નામ લઇ લઇને નાચો છો.આટલો બધો આનંદ કઈ વાતનો અનુભવો છો. ફકીર બાબાએ કહ્યું, “ભાઈ, કોઈ પણ પરિસ્થિતિમાં ખુદા રાખે અને દરેક પરિસ્થિતિમાં ખુદાનો દિલથી આભાર માનું છું. હું ખુશ રહું છું. ખુશ રહેવા માટેની અને સાચી મનની શાંતિ અનુભવવાનો એક જ માર્ગ છે ખુદાનો; તેણે જે આપ્યું છે, જે નથી આપ્યું,જેટલું અને જેવું આપ્યું છે તે માટે આભાર માનો. રોજ ધન્યવાદ કહો અને ખુશ રહો.”

# ટેક્નોલોજી યુગમાં ભાષાના ઝઘડા માનવજાતની નરી મૂર્ખામી છે

## અવારનવાર

ડો.નાનક ભટ્ટ

**કોઈ પણ ભાષા માહિતી અથવા તો જ્ઞાનના માધ્યમથી વિશેષ, સમાજ અને સંસ્કૃતિ સાથે અભિન્નપણે વણાયેલી છે. આમ છતાં જે પાઠ્યપુસ્તકોનાં પગથીએ વિદ્યાર્થી ભાષાનું લેખિત સ્વરૂપમાં જાણે નર્યું શહેરીપણું અભિવ્યકત થાય છે**

અખા ભગતે ગુજરાતનાં સંસ્કારપ્રિય લોકોને આજથી ૪૯૦ વર્ષ પહેલાં રણ જીતવાનું માહાત્મ્ય જણાવેલું. આમ છતાં વિદ્વજજનો ગુજરાતી ભાષામાં મૂળાક્ષર, જોડણી, દીર્ઘ સ્વર અને વ્યંજન આસપાસ પોતાની સત્ત્વશીલ જિંદગી ખપાવી રહ્યાં છે. વિશ્વમાં સહુથી વધુ માત્રામાં બોલાતી અંગ્રેજી ભાષાની સુધારણા માટે વર્ષ ૧૭૬૮ થી પ્રયત્ન થતા રહ્યા છે અને અમેરિકન સ્પેલ બી. સ્પર્ધાને ૧૦૦ વર્ષ પૂર્ણ થવા આવ્યાં છે ત્યારે પણ અંગ્રેજી શબ્દ કર્નલમાં આર ની બાદબાકીનો મામલો પાર્લામેન્ટ સુધી પહોંચ્યો છે. વર્ષ ૧૮૨૯ માં ઓહાયોના પ્રાધ્યાપક જેમ્સ રગર્લ્સ દ્વારા યુનિવર્સલ લેન્ગ્વેજનો પ્રસ્તાવ મુકાયો છે જે આજે પણ યુરોપિય સંઘમાં વિચારણા આધીન છે તો ગુજરાતી, મરાઠી કે હિન્દી ભાષાના વપરાશ માટેના આગ્રહ માટે ઝઘડા શાથી! અને બીજી તરફ જે વિદ્યાર્થીઓ ભાષાનું હલેસું પકડીને પોતાનું નાવડું આગળ ખેંચે છે, તેમની હાલત તો સો ડુંગળી અને સો કોરડા વેઠતાં ધોબી જેવી થઈ જાય છે.

કોઈ પણ ભાષા માહિતી અથવા તો જ્ઞાનના માધ્યમથી વિશેષ, સમાજ અને સંસ્કૃતિ સાથે અભિન્નપણે વણાયેલી છે. આમ છતાં જે પાઠ્યપુસ્તકોનાં પગથીએ વિદ્યાર્થી ભાષાનું લેખિત સ્વરૂપ જાણે છે તે પાઠ્યપુસ્તકોમાં વપરાતી ભાષામાં નર્યું શહેરીપણું અભિવ્યકત થાય છે. વિદ્યાર્થીઓ માટેનાં આ પુસ્તકોની ભાષા જોતાં જણાય છે કે પાઠ્યપુસ્તક મંડળનાં પુસ્તકોને આંતરિયાળ આદિવાસી બોલી સાથે કોઈ સ્નાનસૂતકનો સંબંધ નથી. પરિણામે, અભ્યાસક્રમના ભાગ રૂપે સ્વીકારાયેલાં પુસ્તકો વિદ્યાર્થીઓનાં નિજી જીવનથી દૂર રહી જાય છે.

તાજેતરમાં ભાષા અને સ્કૂલ ડ્રોપ-આઉટ્સ વિષયના ૧૩,૦૦૦ બાળ શ્રમિકો સાથેના અભ્યાસથી જણાય છે કે શાળા છોડી દેનાર ૬,૭૦૦ બાળકોએ શાળા છોડી દેવાનું કારણ જણાવતાં કહ્યું કે અમને ભણવાની મજા નથી આવતી. નેશનલ ફેમિલી હેલ્થ સર્વેના અભ્યાસમાં સ્કૂલ ડ્રોપ-આઉટ્સ સંબંધે જણાવાયું છે કે શહેરી સંસ્કૃતિમાં ઉછરેલાં બૌદ્ધિકો દ્વારા તૈયાર થતાં પુસ્તકો અને તેની ભાષા ગ્રામ્ય બાળકોની સમજમાં જ આવતી નથી. કરુણતાની ચરમસીમા ત્યારે આવે છે કે ભરૂચ જિલ્લાના એક ગામની સાર્વજનિક શાળામાં ધોરણ-૧૦ની સત્રાંત પરીક્ષામાં માત્ર ૧૦ % વિદ્યાર્થી ઉત્તીર્ણ થયાં. વિદ્યાર્થીઓને પરીક્ષામાં ચોરી કરવામાં મદદ કરવા છતાં આવું પરિણામ મળવા અંગે શાળાના એક શિક્ષક મિત્રે દિલ ખોલતાં કહ્યું, “સાહેબ, અમારાં વિદ્યાર્થીઓને પ્રશ્નપત્રની ભાષા જ પકડાતી નથી!” અને આથી જ તો ગુજરાતની મહાનગરપાલિકાઓ અને એ જ જિલ્લાનાં ગામડાઓમાં આવેલ શાળાઓનાં પરિણામોમાં પણ ખાસ્સો ફરક જોવા મળે છે.

જ્યારે પરીક્ષા ખંડની બહાર વાસ્તવિક જીવનમાં તો ૮૦ % કંપનીઓ પોતાને ત્યાં સ્કીલને પ્રાધાન્ય આપી યુવકોને નોકરી આપી રહ્યાં છે. તાજેતરના ઈન્ડિડના અહેવાલ અનુસાર ૪૨% યુવકો અભિવ્યક્તિના અભાવે પસંદગીની પ્રક્રિયામાંથી બહાર નીકળી જાય છે. ભવિષ્યની જરૂરિયાત સંબંધે ઈન્ડિડના રિપોર્ટ અનુસાર એ.આઈ. અને સાઈબર સિક્યોરિટી જેવા વર્ચ્યુઅલ ફિલ્ડમાં તો નોટ-પેનનું કામ જ નથી રહેવાનું. કોશિયો પણ સમજી શકે તેવું સરળ સાહિત્ય સર્જવા ગાંધીજીએ કહ્યું. તેઓએ કુંભાર, ચમાર, સુથાર, ખેડૂ અને મોચી જે ભાષા વાપરે છે તેવી સરળ ભાષાનો આગ્રહ રાખ્યો. તે પછી સ્વામી આનંદે ભાર દઈને કહ્યું કે, “મારું ચાલે તો ગુજરાતી જોડણીમાંથી બધા વિકલ્પો કાઢી નાખું, જોડણી ઉચ્ચારણો પ્રમાણે રાખું, જોડણીમાંથી બધા વિકલ્પો કાઢી જોડાક્ષરોને સમૂળગા કાપી નાખું.' બોલવા, લખવા, વાંચવા અને છાપવાનું કામ સૌના માટે સાવ સહેલું કરી મૂકું.” અહીં લિપિને સરળ અને અનુરૂપ કરવાની વાત છે. પરંતુ કમનસીબે સાક્ષરો અને હવે રાજકારણીઓ આજે પણ આગ્રહ રાખે છે કે વિદ્યાર્થી અમારા પ્રદેશની અને શુદ્ધ ભાષા લખતાં અને સ્પષ્ટ રીતે અભિવ્યકત કરતાં પહેલાં શીખે અને પછી જ બીજા વિષયનું જ્ઞાન મેળવે.

સંસ્કૃત જેવી વિશ્વની શ્રેષ્ઠ ભાષા પણ તેની કિલષ્ટતાના કારણે મૃતઃપ્રાય બની, એ વાતનો ખ્યાલ દલપતરામ સમિતિને વર્ષ ૧૮૫૯માં આવ્યો. પરંતુ સાહિત્યકારોએ ભાષાના સ્વરૂપ પ્રત્યે મમત પકડી રાખ્યું છે જે દરમિયાન આમપ્રજામાં સસ્તાં ફિલ્મ સામયિકો અને ટી.વી.માં વપરાતી મિશ્ર ગુજરાતી ભાષા પ્રચલિત બનતી ચાલી છે. જેને રોગનાં એંધાણ તરીકે મૂલવવી જોઈએ. જે સામે કેટલાંક સંગઠનોએ આલબેલ પણ પોકારી છે. પરંતુ હજુ શિક્ષણના સાર્વત્રિક સંદર્ભ તરીકે ભાષાની સરળતા સ્વીકારાઈ નથી. આથી એક જ પ્રકારનાં પાઠ્યપુસ્તકોનો વપરાશ કરતાં ગુજરાતનાં વિભિન્ન પ્રદેશનાં વિદ્યાર્થીઓને નછૂટકે અભ્યાસ છોડી દેવો પડે છે.

આપણી લોકશાહી અમૃત મહોત્સવ ઉજવી રહી છે. વિશ્વના સૌથી મોટા લોકશાહી દેશ શતાયુ બનવા તરફ ગતિ કરી રહ્યા છે. પરંતુ આપણા પાયાના પ્રશ્નો હજુ બાલ્યાવસ્થામાં જ પડ્યા છે અને આજે ૩૨ થી ૪૦ ટકાના દરે બાળકો શિક્ષણ છોડી દે છે, તે જોતાં વર્ષ ૨૦૩૦ની સાલમાં તો વિશ્વનો તમામ બીજો માતૃભાષાથી દૂર થયેલ નાગરિક કદાચ ભારતીય હોય તો આવી સ્થિતિ આશ્ચર્યજનક નહીં હોય.

શિક્ષણ પાછળનો પાર વિનાનો ખર્ચ એળે જાય તે પહેલાં જે પાણીએ મગ ચડે તે ઉપાય અજમાવીએ. શિક્ષણના સાધન તરીકે ભાષાને સરળ કરીએ. ટેક્નોલોજીના ઉપયોગથી સમજાય તેવી ભાષાને વહેતી કરીએ. ફરજિયાત શિક્ષણ સ્વયં એકસો ડુંગળી જેવું થઈ રહ્યું છે ત્યારે ઈચ્છીએ કે સારસ્વતો અને રાજકારણીઓ ભાષાની સોટીએ વિદ્યાર્થીઓને બીજા એકસો કોરડાની શિક્ષા નહીં ફટકારે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

# ચર્ચાપત્ર

charchapatra@gujaratmitra.in

### યુદ્ધ વિરામ વચનની કિંમત કેટલી?

દુનિયાના બે દેશો વચ્ચે યુદ્ધ ચાલી રહ્યું હોય તે દરમિયાન યુદ્ધવિરામ એ સમગ્ર વિશ્વ અને બંને દેશો માટે સારી વાત છે. પરંતુ ભારતની પ્રજા પૂછી રહી છે કે પાકિસ્તાન સાથેનું યુદ્ધવિરામ કેટલું ભરોસાપાત્ર છે ? તે માટે ઈતિહાસ પર નજર નાખવાની જરૂર છે. 2025 ના ભારત અને પાકિસ્તાનના યુદ્ધનો ઈતિહાસ લખાશે ત્યારે તેમાં એક પ્રશ્ન એ પણ હશે કે ભારતે શું હાંસલ કર્યું? ઈતિહાસની તવારીખમાં 1948, 1954, 1960, 1965, 1972, 2021 ના વર્ષોને આપણા રાજ નેતાઓએ ભૂલવા જોઈએ નહીં. યુદ્ધવિરામની જાહેરાતથી ભારતની પ્રજા સ્તબ્ધ બની ગઈ છે. આતંકવાદને પરિણામે આ દેશના સંખ્યાબંધ સૈનિકો અને નિર્દોષ પ્રજા પોતાના જીવ ગુમાવતા રહે એવો અભિગમ ક્યાં સુધી ચાલશે? સીઝફાયરના ત્રણ કલાક પછી પાકિસ્તાન દ્વારા ડ્રોન અને મોર્ટાર હુમલાના અખબારી અહેવાલ છે. જેનો સીધો અર્થ એ થાય છે કે પાકિસ્તાન કે આતંકવાદીઓ હજી પણ સુધરવાનું નામ લેતા નથી અને લેશે પણ નહીં. ફરી ફરીને પ્રશ્ન એ થાય છે પાકિસ્તાન દ્વારા યુદ્ધ વિરામના વચનની કિંમત કેટલી? જેમની રગેરગમાં કોમવાદ છે તેઓની વાત પર વિશ્વાસ રાખી શકાય નહીં.

**નવસારી - ડૉ. જે. એમ. નાયક**

### યુદ્ધ વિરામનો નિર્ણય - આશ્ચર્યજનક કે વ્યૂહાત્મક?

પાકિસ્તાન સતત આતંકવાદી પ્રવૃત્તિઓ દ્વારા ભારતની શાંતિમાં ખલેલ પહોંચાડવાનો પ્રયાસ કરી રહ્યું છે. ભારતના લોકોમાં પણ રોષની લાગણી જોવા મળી હતી અને દેશભક્તિના ભાવ સાથે લોકો સેના સાથે ખભે ખભો મિલાવતાં રહ્યા. લોકોને લાગતું હતું કે ભારત હવે પાકિસ્તાનને કરારો જવાબ આપશે. આવા સંજોગોમાં, જ્યારે સમગ્ર વિશ્વ - ચીન સિવાય - ભારતના ટેકામાં ઊભું હતું, ત્યારે અચાનક જ અમેરિકાના રાષ્ટ્રપતિ ટ્રમ્પની દખલધખલથી ભારતે યુદ્ધ વિરામનો નિર્ણય જાહેર કર્યો. દેશના ઘણા વર્ગો માટે આ નિર્ણય આઘાતજનક રહ્યો. લોકો માટે પ્રશ્ન ઊભો થયો કે આતંકવાદ સામે લડી રહેલા ભારતે શાંતિની રીત કેમ અપનાવી? પરંતુ જો આ નિર્ણયને વ્યૂહાત્મક દૃષ્ટિએ જોવામાં આવે, તો શક્ય છે કે ભારતે આ પગલું આંતરરાષ્ટ્રીય દબાણ અને નીતિકીય જમાવટના ભાગરૂપે ભર્યું હોય. યુદ્ધની ભયંકરતાને ટાળવી પણ એક પ્રબળ રાજકીય કળા છે. જોકે બીજી તરફ, પાકિસ્તાન એકતરફી ઘૂસણખોરી અને યુદ્ધ જેવા માહોલને યથાવત્ રાખીને પોતાની મનમાની ચાલુ રાખી રહ્યું છે. આર્થિક, રાજકીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે ભારતે પોતાનું મક્કમ વલણ દાખવ્યું છે, પણ હવે દેશજનોની નજર ભારતના આગામી પગલાં તરફ છે. યુદ્ધવિરામ સદા માટે શાંતિ લાવશે કે ફક્ત એક સમયનો વિરામ છે, તે સમય જ જણાવી દેશે

**અમદાવાદ - કે.ડી. સેદાણી**

### સાચા 'દેશભક્ત' કોઈ હોય તો એ આપણી સેના છે

ઓપરેશન 'સિંદૂર' ના નામે પાકિસ્તાન અને પી.ઓ.કે. પર હુમલો કરવામાં આવ્યો. આ બદલો લેવો અનિવાર્ય જ હતો કારણ કે, ન લે તો મોદી સરકારની શાખ, પ્રતિષ્ઠા અને રાજકીય કારકિર્દી દાવ પર લાગેલા હતા. ઘટનાના 15 દિવસ પછી જે રીતે એર સ્ટ્રાઈક કરવામાં આવી એ તો ઘટના બન્યા પછી ત્વરિત જ એર સ્ટ્રાઈક કરવા માટે આપણું લશ્કર હંમેશા સક્ષમ અને એલર્ટ મોડ પર જ રહેતું હોય છે. તો સવાલ એ પણ ઉભો થાય કે દુશ્મનને પણ આટલા દિવસોમાં પોતાનો બચાવ કરવા માટે અને હુમલાથી ઓછું નુકસાન થાય એવી વ્યવસ્થા કરવા માટે અનુકૂળતા મળી ગઈ? હુમલો થશે જ! એવી તો આતંકવાદીઓને પણ ખબર હતી તો શું તેઓ સલામત જગ્યાએ નહીં ખસી ગયાં હોય? એર સ્ટ્રાઈક કરીને સરકારે બદલો લીધો એ સારી વાત છે પણ ખરેખર તો હત્યાકાંડ કરનારા આતંકવાદીઓને પકડીને પહેલગામમાં તે જ જગ્યા પર જાહેરમાં સમગ્ર દુનિયા જોઈ શકે એવી રીતે 'ઠાર' કરવામાં આવે એને જ સંપૂર્ણ રીતે બદલો લીધો એવું કહી શકાય. ખરેખર તો મસૂદ અઝહર માર્યો ગયો હોતે તો વધુ સારું થતે કારણ કે, મસૂદ અઝહર જીવતો 'જોખમ' પુરવાર થાય એમ છે. દેશ હિતમાં બદલો લેવો એ સરહનીય છે પણ એ બદલાને વોટમાં કન્વર્ટ કરવાની નાપાક કોશિશ કરવી એ નિંદનીય છે.

**સુરત - પ્રેમ સુમેસરા**

### આતંકવાદને પંપાળતા પાકિસ્તાન સામે કડક કાર્યવાહી જરૂરી

ભારતે પાકિસ્તાનમા ધમધમતા આંતકવાદી કેમ્પો પર એરસ્ટ્રાઈક કરીને જોરદાર તમાચો માર્યો છે. ભારતે આ પહેલા પણ પહેલ કરીને આતંકવાદી પ્રવૃતિ બંધ કરે તેવી વિનંતીઓ કરી હતી પણ પાકિસ્તાને આંતકવાદી પ્રવૃતિઓ બંધ કરી નહી તેમજ કોઈ કાર્યવાહી ન કરીને ભારત પર હુમલાઓ કરતું રહ્યું. કારગીલ હુમલા બાદ ભારતે આ વખતે પણ જડબાતોડ જવાબ આપ્યો. તે મામલે ભારત સરકાર અને ત્રણેય સેનાને અભિનંદન આપવા પડે. કાશ્મીરના સરહદી વિસ્તારોમાં નાપાક પાકિસ્તાન હુમલાઓ કરી રહ્યું છે. સવાલ એ થાય છે કે આ રીતે આપણે ક્યાં સુધી તેમના હુમલાનો ભોગ બનતા રહીશું? પાકિસ્તાનના ગોળીબાર અને મોર્ટાર હુમલાને કારણે બજારો શાળાઓ બંધ રહેવાની નોબત આવે છે. તેમજ આ હુમલાને કારણે કાશ્મીરના પ્રવાસન ઉદ્યોગને પણ મોટો ફટકો પડ્યો છે. આ બધી પરિસ્થીતી વચ્ચે હવે વધુ એક વખત પાકિસ્તાનની સાથે ઈઝરાયેલ વાળી કરવાની જરૂર છે. ભારત પાકિસ્તાનનો પોતાનો આ અંગત મામલો છે. ત્યારે કોઈ દેશની મધ્યસ્થી ભારતે ચલાવી લેવાની કોઈ જરૂર લાગતી નથી. અમેરિકા રશિયા કે પછી ઈઝરાયેલ તે કોઈ બીજા દેશ પર કાર્યવાહી કરે છે ત્યારે આપણને પુછવા આવે છે ખરા?

**શહેરા - વિજયસિંહ સોલંકી**

### બેરોજગારી એક શ્રાપ છે જે સુખ ચેન હણી લે છે

આ ફક્ત ખાલી ખિસ્સાની વાત નથી પણ એક આગ છે જે અંદર અંદર સપનાઓને ભસ્મ કરી દે છે. દરેક સવારે લાખો યુવાનો નોકરીની શોધમાં ડેલી ઓળંગે ને જ્યારે સમી સાંજે નિરાશાના ઘોર અંધકારમાં ઘરે પાછા ફરે ત્યારે આ કરૂણાંતિકા હૃદયને ચીરી નાખે છે. બેરોજગારી એક આંકડો નહીં પણ વ્યથા છે. રાતોની ઊંઘ હરામ કરી મેળવેલી ડિગ્રી આજે હાથમાં રહેલો નકામો કાગળ માત્ર છે. એ વ્યથા છે એ પિતાની જે પોતાના બાળકની નાનકડી ઈચ્છાઓને પૂરી નથી કરી શકતો. એ વ્યથા છે એ માતાની જે બે ટંકના ભોજન માટે રસોડામાં રોજ લડત આપે છે. દેશના નાના- નાના ગામડાંઓથી લઈને મહાનગરો સુધી બેરોજગારીની આગ દઝાડી રહી છે. “અનુભવ નથી, જગ્યા ખાલી નથી, અમે તમને”ફોન કરીશું જેવા શબ્દો નોકરી ઈચ્છુકના આત્મવિશ્વાસને ભ્રમિત કરી નાખે છે.

આ એક ઘા છે જે દેખાતો નથી પણ અંદરથી રક્તસ્ત્રાવ કરાવે છે. બેરોજગારી એકલતા લાવે છે. હસતા રમતા ન જાણે કેટલાય યુવાનો પોતાની દુનિયામાં ખોવાઈ ગયા છે. બેરોજગારીના અંધકારમાં પણ આશાનું કિરણ છે યુવાનોમાં રહેલી અતૂટ હિંમત અને અદમ્ય ઝુંબેશ. આજે ઘણા યુવાનો પોતાના હુનરને ઓળખી નવા રસ્તા શોધી રહ્યા છે. નાના ઉદ્યોગો, ઓનલાઈન વ્યવસાય- આ બધું તેમની સર્જનશીલતાનું પ્રતીક છે. બેરોજગારી એક વ્યક્તિની નહીં પણ સમગ્ર વિશ્વની લડાઈ છે.

**સુરત - સંજય સોલંકી**